# 'સરહદ' : ચિર મનુષ્યની આંતરભોમમાં ઊગેલાં કાવ્યકુસુમ

**દક્ષા વ્યાસ**

'સરહદ' મૂળમાં હિન્દી ભાષામાં રચાયેલો મનોહર બાથમનો કાવ્યસંગ્રહ છે. તેની પ્રસ્તાવનામાં કવિ બહુ સૂચક રીતે નિર્મલ વર્માનું આ વિધાન ટાંકે છે : ''કેટલીક યાતનાઓનું વ્યાકરણ માત્ર એમને ભોગવનાર જ સમજી શકે છે – બીજા લોકો માટે એ અજાણી લિપિ બની રહે છે.'' કુ. અયના પટેલે પ્રસ્તુત સંગ્રહનાં કાવ્યોનો સફળ ગુજરાતી અનુવાદ કરીને આપણને આ 'અજાણી લિપિ'ને હૈયાથી ઉકેલવાની અનુકૂળતા કરી આપી છે.

'સરહદ'ની કવિતા સીમાસુરક્ષા દળના અધિકારી એવા એક સૈનિકના લાગણભીના – સંવેદનશીલ હૃદયનો, એના જીવનસંઘર્ષનો અને માનવહૃદયની ઉદાત્તતાનો પરિચય કરાવે છે. સંગ્રહની ૬૭ ગદ્યકવિતામાં યુદ્ધની વ્યર્થતા, આતંકવાદી પ્રવૃત્તિ, સરહદ પરના સંઘર્ષો, સૈનિકના જીવનની કઠણાઈ જેવી વાસ્તવિકતાઓ વચ્ચે ધબકતું માનવહૃદય સતત આપણને પકડી રાખે છે. 'મારા અગિયારસો પંચોતેર ભાઈ'માં બટેલિયનની આપ-ઓળખ અપાય છે : 'અમારે નામ નહીં, નંબર હોય છે.' વક્રતા અને વેદનાના ગાણાવાણા અહીં સતત ગૂંથાતા રહે છે :

**બેઉ મુલક અમારાં માઈબાપ**
**અમને સંભાળે બેઉ ભેગા મળીને !**
**......**
**અમેસ્તો છીએ ભાગલાનાં ફરજંદ**
**છાતી કાઢીને કેવા ઊભા છીએ !** (૬)

એક એક સીધીસાદી પંક્તિમાંથી વેધક વેદના અને માર્મિક કટાક્ષના કાકુ ઊઠતા રહે છે. એ જ આ કૃતિઓનો આસ્વાદ્ય વિષય છે. ખભે બંદૂક ટેકવીને ઊભેલો અને નાળચું તાકીને આંટાફેરા કરતો એ જવાન યુદ્ધની નિરર્થકતાને બરાબર સમજે છે :

**એની ગોળીઓ અને મારા ગોળા**
**એકબીજાને ઓછા પડે છે**
**છતાં ફૂટ્યા કરે છે**
**અને પાડ્યાં કરે છે**
**અસંખ્ય કાણાં.** (૧૭)

એને ખબર છે કે મગજની સાથે ઘાયલ થયેલા આત્માઓમાં પડેલાં એ કાણાં હમણાં નહીં દેખાય, પણ આવનારી પેઢીનાં દૂઝતાં જખમોમાં અવશ્ય દેખાશે – જ્યારે પસ્તાવો કરવાનો સમય નહીં હોય. અહીં યુદ્ધસ્થ કથા રમ્યા નથી, અહીં તો છે યુદ્ધાંતે યુધિષ્ઠિરને જન્મેલા વિષાદની લાગણીઓ. પ્રશ્ન આવે છે :

**લડ્યા બાદ વર્ષો પછી જ**
**દરેક જણ કેમ આંસુ સારે છે ?** (૨૧)

સરહદી સલામતી દળના સિપાહીનું જીવન રુક્ષ, કઠોર, કઠિન અને એકલવાયું છે. ૧૪૦૦૦ ફીટ ઉપર બેસીને ચોકી કરવી એટલે શું ?

**બરફમાં**
**ચૌદ હજાર ફૂટે**
**હવા સુધ્ધાં થીજી ગઈ છે.** (૬૮)

હવા જ્યાં થીજી જાય છે ત્યાં માણસ જેવા માણસના શા હાલ થશે એ તો કલ્પવાનું જ રહે છે ! પ્રહરી પણ મનુષ્ય છે અને મનુષ્યને નાતે એને સપનાં જોવાનો અધિકાર છે, પરંતુ એ શક્ય જ કઈ રીતે બને ?! કેમકે સપનાં જોવા ઊંઘવું પડે, તે માટે થાકવું પડે, તે માટે કામ કરવું પડે અને કામ માટે જાગવું પડે ! એ કહે છે –

**એટલે હું તો બસ કામ જ જોઈ શકું છું**
**સપનાં નહીં.** (૩૧)

આ કઠોર કર્તવ્ય એને આતંકવાદી આક્રમણનો સામનો કરવા, આતંકવાદીને ઠાર કરવા પ્રેરે છે; પરંતુ એ સિદ્ધિના ક્ષણિક આનંદ પછવાડે એની પાસે રહી જાય છે વેદના. કેમકે –

**એના મરી જવાથી**
**આતંક ન'તો મર્યો**
**કે નહોતી મળી શાંતિ**
**ગરીબોને, નિરાધારોને.** (૩૦)

ઊલટું એ યાદીમાં 'થોડાં વધુ નામ' ઉમેરાઈ જાય છે ! આ કરુણ – કટુ વાસ્તવ હૃદયને વીંધે છે. કાશ્મીરના હાથમાં બંદૂકને બદલે બૅટ પકડાવવાની એને ઝંખના છે. દુનિયાનાં સારાંમાં સારાં બૅટ પકવતી ધરતી એકાદ સારો ખેલાડી પકવી ન શક્યાની વાસ્તવિકતા એને પીડે છે. આતંકવાદી આક્રમણો પછી સ્વર્ગ સમું કાશ્મીર કબ્રસ્તાનમાં પલટાઈ ગયું છે. સહેલાણીઓ કરતાં અહીં સૈનિક વધી ગયા છે. એ લોહિયાળ બનેલી ધરતીનું ચિત્ર કવિ આ શબ્દોમાં આંકે છે :

**બરફની ઠંડક ખતમ કરી નાખી છે**
**તોપગોળા, ગોળીઓ અને બૉમ્બધડાકાની ગરમીએ.**
**ઝેલમ, કૃષ્ણગંગા કે તાન**
**બધાયમાં ચોખ્ખા પાણીની જગ્યાએ**
**વહી રહ્યું છે લોહી, તરી રહી છે લાશો**
**એમાં કોણજાણે કેટલાં તો હશે**
**મારાં પોતીકાં.** (૬૦)

આ ખૂની ખેલની ભીતરમાં ધબકતું માતાનું હૃદય 'મા'માં કવિએ બહુ માર્મિકતાથી ઉપસાવ્યું છે. અહીં કાશ્મીરી માનું સ્વભાવોક્તિસભર ચિત્રાંકન થાય છે :

**શ્વેત કેશ, જાડા કાચનાં ચશ્માં**
**પહેરણ નીચે પેટ પર કાંગડી**
**સાઠ વરસ છતાં કેવી વિનમ્રતા**
**'બેટા, હવે બારણું વાસી દઉંને ?'** (૮)

આતંકવાદીનું ઘર ફેંદી નાખવા બદલ માફી માગતા સિપાહીને એ કહે છે :

**એમાં શાની માફી દીકરા !**
**એ એનું કામ કરે છે**
**ખોટું કે ખરું – મને ખબર નથી**
**તમે તમારું કામ કરો છો**
**ખોટું કે ખરું – તમે જાણો !**
**હું તો બે પૈકી એકેયને નહીં વખોડું**
**મા છું ને !** (૮-૯)

રુક્ષ દેખાતા એ એકલવાયા પ્રહરીનું હૈયું મીણ સમું પોચું છે. દિવસો-માસો-વર્ષો સુધી ઘરથી દૂર – છેક છેવાડાના અજાણ્યા એકાંત મુલકમાં ફરજ બજાવતા રહેવાની પરિસ્થિતિ એના અંતરમાં ઘરઝુરાપાની લાગણી તીવ્ર બનાવે છે. એનું સુકોમળ સંવેદનશીલ હૃદય રણની ધરતી પર ઊતરી આવેલા ફ્લેમિંગોને નિહાળે છે. એનાં નાળિયેર-શાં ઈંડાંને પંપાળે છે. એમને આભલામાં ઊડતાં જોઈને મન માના ખોરડા લગી પહોંચી જાય છે. ઉપર ને ઉપર ઊડતાં ફ્લેમિંગો હવે કેવાં દેખાય છે ?

**મારી માડીએ ગોબરથી લીંપેલા**
**આંગણામાં**
**વીખરાયેલ ખસખસ સમાણાં.** (૫૭)

ને છતાં ભેંકાર રણને એ આ રીતે સંવેદે છે :

**રણમાં પહોંચી પૂરા થઈ જાય છે**
**બધા રસ્તા, વસાહતો, જંગલ**
**ઘોંઘાટ, નફરત, હરીફાઈ અને આતંક**
**..........**
**અહીં પ્રહરીનો પહેરો**
**એની મજબૂરી નથી, પ્યાર છે.** (૬૧)

પ્યાર છે કેમકે એ સાચો રાષ્ટ્રભક્ત છે. 'સારે જહાં સે અચ્છા, હિંદોસ્તાં હમારા'ના રાષ્ટ્રધર્મને વરેલો છે. શાળામાં આતંકવાદીઓ સાથે ટક્કર થઈ ને 'વૃક્ષોથી ઈમારતો લગી' ગોળીઓ છૂટી. 'ઈંટોને લોહીની ટશરો ફૂટી', પણ એ દીવાલ પર વર્ષો પૂર્વે આઝાદી પહેલાં – ઉર્દૂમાં લખાયું હતું : 'સારે જહાં સે અચ્છા...' કવિ વેધક પ્રશ્ન કરે છે, એ કોણ હતો, હિંદુ કે મુસલમાન ?

માનવમાત્રથની સાથે લાગણીભર્યા સંબંધ માટેની ઝંખના, ઉદાત્ત માનવતાની સંવેદના જ એને જાણે કે કવિતા કરવા પ્રેરે છે. માણસના ભાગલા પાડતી સરહદ એના અંતરને ચીરે છે. બૉર્ડરની પેલી તરફ નજર જતાં જ એની આંખમાં ફેન્સિંગના કાંટા ભોંકાય છે ને કોબરાનો કરંટ લાગે છે. 'સરહદ પર', 'મારી જેમ', 'પાણીમાં લીટીઓ', 'છોટા ખીલ' જેવી ઘણી રચનાઓ આ પ્રકારની સંવેદનશીલતાને અને સરહદના વિષયવાસ્તવને વાચા આપે છે.

**હું જમવા બેસું છું,**
**એ ચોક**
**હિંદુસ્તાનના ભાગમાં આવ્યો**
**મારો બેડરૂમ**
**બાંગ્લા દેશમાં.** (૭૧)

'સરહદ પર' તો અત્યંત સ્પર્શક્ષમ રચના છે. પાકિસ્તાનની સરહદ પર ઊગેલા, પણ હિંદુસ્તાનની સરહદ પર ઝૂકેલા વૃક્ષના છાંયામાં પોરો ખાવો પણ અપરાધ બની જાય ને એની સામે વિરોધનોંધ મળે ! છાંયા પર તો હિંદુસ્તાન કે પાકિસ્તાન કશું લખેલું નહોતું ને છતાં ઝઘડો પતાવવા સામા પક્ષના અધિકારીએ છાંયો આપતી ડાળીઓ જ કાપી નાખી. પરાકાષ્ઠા તો ત્યાં આવે છે જ્યાં પ્રહરી પોતાની બદલી થતાં નવા આવેલા કમાન્ડર સમક્ષ એ ઘટનાનું બયાન કરે છે. બરાબર એ જ ક્ષણે ઠૂંઠા પર નજર પડે છે. એને નવી કૂંપળો ફૂટી રહી છે !

પાકયાત્રાએ ગયેલા કવિને અનારકલી બજારનો ફરસાણવાળો અભણ અબ્દુલ 'હિંદથી આવેલા મોંઘા મહેમાન' ગણે અને પૈસા ન લે ! પ્રશ્નોનો પ્રશ્ન છે, માણસ તો બધે જ સરખો... બધું જ સમાન, પછી આ વિરોધ શેનો ? આ વિયોગ શા વાસ્તે ? આ વિગ્રહ કેમ ? કહે છે, ઊંચા ટાવર પરથી પાકિસ્તાનનું બધું જ દશ્ય ચોખ્ખું દેખાય છે – 'બધું જ મારા મુલક જેવું' – તો પછી આ વૈષમ્ય કેમ ?! બંને દેશની ચોકીઓ એટલી નજીક હોય કે બધી ચહલપહલ દેખાય, પણ કોઈ સાથે નાતો ન જોડી શકાય ! અંતરના ઊંડાણમાંથી મર્મવાણી નીકળે છે :

**આયે તે કેવાં છેટાં**
**થોડાં ડગલાં ચાલી**
**એને પૂછી શક્યો હોત –**
**'કેમ છે દોસ્ત !'**
**તો કેવું...** (૩૪)

જલિયાંવાલા બાગના હત્યાકાંડ સંદર્ભે રચાયેલી કૃતિ 'જાત' આપણા વિચારોની સંકીર્ણતા અને આચારની જઘન્યતાને વેધક રીતે ખુલ્લી પાડે છે. અંગ્રેજની ગોળીથી શહીદ થયેલા ગણેશ અને સલીમની ત્યારે એક જ જાત હતી – શહીદ; અને એક જ ધર્મ હતો – આઝાદી; પણ મર્યા પછી –

**મર્યા પછી**
**આપણે રચી એક સમાધિ**
**જે એક કબર**
**ને શહીદોને ફેરવી નાખ્યા**
**હિન્દુ અને મુસલમાનમાં.** (૪૮)

લાગણીભીના હૃદયની ઉદાત્ત માનવતાથી મહેકતી આ કવિતા આપણને અંતર્મુખ બનવા પ્રેરે છે, આત્મખોજ કરવા મજબૂર કરે છે – આરપાર વીંધીને. માણસ-માણસ વચ્ચે અંતર ઊભું કરતી, મનુષ્યના ભાગલા પાડતી એક નિર્ઘૃણ રાજરમત – નરી કુટિલતાની – સામે મનુષ્યની માનવબંધુ માટેની તડપન, તીવ્ર ઝંખના આપણા હૃદયને વિચલિત કરી મૂકે છે. આ માત્ર સૈનિકની સંવેદના નથી, સૈનિકમાં બેઠેલા અનુભૂતિની સચ્ચાઈથી રણકતા ચિર મનુષ્યની આંતરભોમમાં ઊગેલાં કાવ્યકુસુમો છે.